# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat Under Gujarat Act No.: 20 of 2007)
# ગુજરાત ટૅકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)
ESTD - 2007

**Ref.** જીટીયુ/મહેકમ/રજી.ઓ./લોકડાઉન-૨/૨૦૨૦ તા.૧૫/૦૪/૨૦૨૦

**નોવેલ કોરોના વાઈરસ (Covid-19) અન્વયે જીટીયુ માટે લોકડાઉનની સૂચનાઓનું પાલન કરવા બાબત**

વંચાણે લીધેલ : ૧) અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક જીટીયુ/મહેકમ/રજી.ઓ./લોકડાઉન/૨૦૨૦, તા.૨૬/૦૩/૨૦૨૦

૨) સામાન્ય વહિવટ વિભાગના પરિપત્ર ક્રમાંક પરચ/૧૦૨૦૨૦/૫૦૧/ટ, તા. ૨૫-૦૩-૨૦૨૦

૩) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક કરન/૧૦૨૦૧૦/૨૪૦૩ ૨૦૨૦/ખ-૨, તા. ૨૬-૦૩-૨૦૨૦

૪) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક જીજી/૨૩/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા. ૧૪-૦૪-૨૦૨૦

**પરિપત્ર**

આથી ગુજરાત ટૅકનોલોજીકલ યુનિવર્સિટીના તમામ કર્મચારીઓ / અધિકારીશ્રીઓને ઉપરોક્ત સંદર્ભીત વિષય અન્વયે જણાવવાનું કે નોવેલ કોરોના વાઈરસ (Covid-19) કે જેને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે.

સરકારશ્રીના સંદર્ભ-૨ અને ૩ થી ધી એપીડેમીક ડીસીઝીસ એક્ટ ૧૮૯૭ અને ધી ગુજરાત એપીડેમીક ડીસીઝીસ કોવિડ-૧૯ રેગ્યુલેશન ૨૦૨૦ની જોગવાઈઓ હેઠળ સમગ્ર રાજ્યમાં તા. ૨૫-૦૩-૨૦૨૦ની અસરથી ૨૧ દિવસ માટે એટલે કે તા. ૧૪-૦૪-૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવાનો રાજ્ય સરકારશ્રીએ નિર્ણય લીધેલ હતો. જે અન્વયે સંદર્ભ-૧ દર્શિત પરિપત્ર દ્વારા તકેદારીના ભાગ રૂપે તા. ૨૪-૦૩-૨૦૨૦ની મધરાતથી થી તા. ૧૪-૦૪-૨૦૨૦ સુધી યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક તેમજ વહીવટી કામગીરી બંધ રાખવા આવેલ હતું. તાજેતરમાં સંદર્ભ-૪ દર્શિત ગૃહ વિભાગના જાહેરનામા તથા કેન્દ્ર સરકાર દ્વારા સૂચવવામાં આવેલ માર્ગદર્શિકા અનુસાર સમગ્ર રાજ્યમાં અવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા. ૧૫-૦૪-૨૦૨૦ થી તા. ૦૩-૦૫-૨૦૨૦ સુધી બંધ રાખવા જણાવવામાં આવેલ છે.

ઉપર્યુક્ત બાબત અને આદેશમાં સૂચવ્યા મુજબની બાબતોને ધ્યાને લેતાં યુનિવર્સિટીના વિવિધ વિભાગો, અનુસ્નાતક સ્કૂલ તથા જીટીયુના તમામ ઝોનની કચેરીઓ તા. ૧૫-૦૪-૨૦૨૦ થી ૦૩-૦૫-૨૦૨૦ સુધી અથવા અન્ય આદેશ ન થાય ત્યાં સુધી બંધ રહેશે જેની તમામ શૈક્ષણિક સંસ્થાઓ / વિદ્યાર્થીઓ / કર્મચારીઓ / અધિકારીશ્રીઓએ નોંધ લેવી.

યુનિવર્સિટીના શૈક્ષણિક - બિનશૈક્ષણિક તમામ કર્મચારીઓ / અધિકારીઓએ ફરજ પરનું મુખ્ય મથક છોડવાનું રહેશે નહીં અને આવશ્યક ફરજ માટે સ્ટેન્ડબાય રહેવાનું રહેશે. જ્યારે પણ સરકારશ્રી / યુનિવર્સિટીને સ્ટાફની આવશ્યકતા પડે અને જિલ્લા તંત્ર દ્વારા જે ફરજ સોંપવામાં આવે તે ફરજ અચૂક બજાવવાની રહેશે. યોગ્ય સમયે માહિતી મળી રહે તે માટે ઈમેઈલ તથા વોટ્સએપ તથા યુનિવર્સિટીની વેબસાઈટ ચેક કરતા રહેવું. જીટીયુ સંલગ્ન તમામ સંસ્થાઓના કર્મચારીઓએ ટૅકનોલોજીના માધ્યમથી જે તે સંસ્થાના વડા સાથે જોડાઈ રહેવા સૂચના આપવામાં આવે છે. જેથી આવશ્યક્તા પડે તેમની સેવા મેળવી શકાય.

-sd-

**કુલસચિવ**

# જાહેરનામું

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા.૧૪.૦૪.૨૦૨૦.

**ક્રમાંક : જીજી/૨૩/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨**

નોવેલ કોરોના વાયરસ (COVID-19)કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કેટલીક સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩.૦૩.૨૦૨૦ના જાહેરનામાથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરવામાં આવેલ છે.

૨. The EPIDEMIC DISEASES Act 1897 અને THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ હેઠળ મળેલ સત્તાઓ અન્વયે ગૃહ વિભાગના તા.૨૩.૦૩.૨૦૨૦ના જાહેરનામા ક્ર.જીજી/૨૦/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી તા.૨૩.૦૩.૨૦૨૦ મધ્યરાત્રીથી તા.૩૧.૦૩.૨૦૨૦ મધ્યરાત્રી સુધી સમગ્ર રાજ્યમા લોક ડાઉન જાહેર કરી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓને મોકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ.

૩. સમગ્ર દેશમાં COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, The Disaster Management Act, 2005થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૪.૦૩.૨૦૨૦ના હુકમ ક્ર. 40-3/2020-DM-I(A)થી સમગ્ર દેશમાં તા. ૨૫.૦૩.૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ છે.

૪. આ હુકમ સંદર્ભે રાજ્યમાં આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા. ૨૫.૦૩.૨૦૨૦ થી ૨૧ દિવસ એટલે કે તા. ૧૪.૦૪.૨૦૨૦ સુધી બંધ રાખવા તથા કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકાઓનો અમલ કરવા ગૃહ વિભાગના તા.૨૩.૦૩.૨૦૨૦ના જાહેરનામા ક્ર. જીજી/૨૧/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી હુકમ કરવામાં આવેલ છે.

૫. દેશના કેટલાક વિસ્તારોમાં COVID-19ના કેસો તપાસ દરમ્યાન બહાર આવી રહ્યા છે. તેની અસરોને નિયંત્રિત કરવા માટે આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૧૫.૦૪.૨૦૨૦ થી તા.૦૩.૦૫.૨૦૨૦ સુધી મોકુફ રાખવા કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે.

**૬. આથી સમગ્ર રાજ્યમાં આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૧૫.૦૪.૨૦૨૦ના ૦૦.૦૦ કલાક થી તા.૦૩.૦૫.૨૦૨૦ ના ૨૪.૦૦ કલાક સુધી બંધ રહેશે**.

૭. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો-વખતના હુકમથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓનો તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે. આવશ્યક સેવાઓ અંગે કેન્દ્ર સરકાર દ્વારા વખતો-વખત કરવામાં આવતા હુકમ/માર્ગદર્શિકાઓમાં જણાવેલ બાબતો આખરી રહેશે.

૮. આ જાહેરનામાનું અસરકારક અમલીકરણ સર્વે પોલીસ કમિશ્નર, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા કરવાનું રહેશે.

૯. આ જાહેરનામાની જોગવાઇઓ/કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાઓના ઉલ્લંઘન કરનાર વ્યકિત The Disaster Management Act, 2005 તેમજ The Indian Penal Code, 1860ની જોગવાઇઓ હેઠળ કાર્યવાહીને પાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ આર. દવે)
ઉપ સચિવ(કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

પ્રતિ,

- પ.સ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
  ૨/- આ બાબતને બહોળી પ્રસિધ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- મેનેજરશ્રી – સરકારી મુદ્રણાલય , સેકટર – ૩૦, ગાંધીનગર
  આ જાહેરનામાની સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધિ કરી તેની ૨૫ નકલો ગૃહ વિભાગ તથા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગને મોકલી આપવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦.